# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
NAAC Accredited with Grade 'A' (CGPA 3.11)

## પરીપત્ર

### સ્નાતક કક્ષાના (ફક્ત વિજ્ઞાન પ્રવાહ)અભ્યાસક્મોની પ્રવેશ પ્રક્રિયા

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ધોરણ-૧૨ પછીના સ્નાતક કક્ષાના [B.Sc., B.Sc.(Medical Technology). M.Sc.(Integrated Biotechnology), Bachelor of Occupational Therapy)] અભ્યાસક્મમાં પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે.

જ્યારે [B.C.A., B.S.W., B.A. LLB, BBA LLB, BBA, Bachelor of Interior Design, Bachelor of Performing Arts, Bachelor of Science(CA&IT), Diploma & B.Sc. (Home Science), Bachelor of Applied Arts in Fashion Design, Diploma & Bachelor of Music and Dancd]ના અભ્યાસક્મ માટે ફોર્મ ભરી શકાશે.

| તારીખ | વિગત |
|---|---|
| ખાસ નોંધ | વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ તથા તમામ અસલ દસ્તાવેજ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ઉપર **Eligibility**ની ચકાસણી માટે રજૂ કરવાના રહેશે. ચકાસણી બાદ તમામ અસલ દસ્તાવેજ વિદ્યાર્થીએ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટરમાંથી પરત લેવાના રહેશે. અસલ દસ્તાવેજોની ચકાસણી દરમ્યાન કોઈ વિસંગતતા જણાશે તો તેવા વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ રદ કરવામાં આવશે. |
| તા. ૦૯/૦૫/૨૦૨૩ થી તા. ૨૦/૦૫/૨૦૨૩ સુધી ફોર્મ ભરી શકશે.<br>૨૩/૦૫/૨૦૨૩ સુધી ચકાસણી કરાવી શકશે. | યુનિવર્સિટી પોર્ટલ ઉપર તારીખ. ૦૯/૦૫/૨૦૨૩ બપોરના ૧.૦૦ કલાકથી તારીખ. ૨૦/૦૫/૨૦૨૩ સુધી વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે ત્યારબાદ યુનિવર્સિટી પોર્ટલ બંધ થઇ જશે. ત્યારબાદ વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે નહીં તથા ભરાયેલ ફોર્મની પ્રિન્ટ તથા તમામ અસલ દસ્તાવેજ ફરજીયાત યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ઉપર **Eligibility**ની ચકાસણી માટે તારીખ. ૨૩/૦૫/૨૦૨૩, ૫.૦૦ કલાક સુધીમાં રજૂ કરવાના રહેશે. ત્યારબાદ તમામ અસલ દસ્તાવેજ કોલેજમાંથી પરત લેવાના રહેશે. (ઓનલાઇન ફોર્મ ભરવાના સમયે વિદ્યાર્થીએ પોતાનો જ મોબાઇલ નંબર તથા ઇમેઇલ આપવું, સાયબર કેફેવાળાનો મોબાઈલ નંબર ઈ-મેઈલ આપવું નહી.) |
| તા. ૩૦/૦૫/૨૦૨૩ થી તા. ૩૧/૦૫/૨૦૨૩ (પ્રોવિઝિનલ મેરીટ) | વિદ્યાર્થી પોતાનું પ્રોવિઝનલ મેરીટ યુનિવર્સિટી પોર્ટલ ઉપર તારીખ. ૩૦/૦૫/૨૦૨૩ બપોરે ૧.૦૦ કલાકથી પોતાના લોગિન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા વિદ્યાર્થીને પોતાના માર્કસમાં કોઇપણ વિસંગતતા જણાયતો એપ્લિકેશન નંબર સહીત માર્કશીટ સાથે નજીકના યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટરનો સંપર્ક કરી જરૂરી સૂધારો તારીખ. ૩૧/૦૫/૨૦૨૩ ને સાંજે ૪.૦૦ પહેલા કરાવવાનો રહેશે. ત્યારબાદ મેરીટ અંગેની કોઇપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| તા. ૦૨/૦૬/૨૦૨૩ થી તા. ૦૩/૦૬/૨૦૨૩ (મોક રાઉન્ડ) | તા. ૦૨/૦૬/૨૦૨૩ના રોજ વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર પોતાના ફાઇનલ મેરીટની માહીતી મેળવી શકશે તથા મોકરાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને ફાળવાયેલ કોલેજની માહીતી પોતાના લોગીનમાં જોઇ શકશે. (નોંધ : આ મોકરાઉન્ડ હોવાથી કોલેજનું ફાઇનલ એલોટમેન્ટ નથી)<br>વિદ્યાર્થી મોકરાઉન્ડ દરમ્યાનના કટઓફ લીસ્ટનો અભ્યાસ કરી પોતાની કોલેજ પસંદગીનો ક્માંક તારીખ. ૦૩/૦૬/૨૦૨૩ સાંજે ૪.૦૦ કલાક સુધી બદલી શકશે. ત્યારબાદ વિદ્યાર્થી પોતાની કોલેજ પસંદગી ક્માંક બદલી શકશે નહીં. |
| તા. ૦૬/૦૬/૨૦૨૩ (ફાઇનલ મેરીટ) | તા. ૦૬/૦૬/૨૦૨૩ને બપોરે ૨.૦૦ કલાક બાદ પ્રથમ રાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને મેરીટ પ્રમાણે કઇ કોલેજમાં એડમીશન મળે છે તેની વિગતો વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા પ્રવેશની માહીતી વિદ્યાર્થીને એસએમએસ દ્વારા અને ઇમેઇલમાં પણ આપવામાં આવશે. |
| તા. ૦૬/૦૬/૨૦૨૩ થી તા. ૧૨/૦૬/૨૦૨૩ | ૧. વિદ્યાર્થીને પોતાની પસંદગી મુજબની કોલેજમાં મળેલ પ્રવેશ બાદ યુનિવર્સિટી માન્ય કોલેજની ફી તારીખઃ ૦૬/૦૬/૨૦૨૩ બપોરે ૨.૦૦ કલાકથી તારીખઃ ૧૨/૦૬/૨૦૨૩ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે.<br>૨. કોલેજે યુનિવર્સિટી પોર્ટલ ઉપર પોતોના લોગ-ઈન દ્વારા વિદ્યાર્થીઓનો પ્રવેશ નિયત તારીખમાં ફરજીયાત કન્ફર્મ કરવાનો રહેશે. |
| તા. ૧૩/૦૬/૨૦૨૩ થી તા. ૧૫/૦૬/૨૦૨૩ | તા. ૧૩/૦૬/૨૦૨૩ સવારે ૧૧.૦૦ કલાકથી તા. ૧૪/૦૬/૨૦૨૩ બોપરના ૩.૦૦ કલાક સુધીમાં જે કોલેજોમાં ગ્રાન્ટ ઇન એઇડ્ તથા એસ.એફ. બંન્ને ડિવિઝન છે તેમાં ગ્રાન્ટ ઇન એઇડ્માં ખાલી રહેતી બેઠકો ઉપર એસ.એફ.માં જે વિદ્યાર્થીઓને એડમીશન મળેલ છે તેવા વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા ગ્રાન્ટ ઇન એઇડ્માં તબદીલ કરવા માટે યાદી બનાવી એકેડેમિક વિભાગમાં રજૂ કરવાની રહેશે. અને કોમ્પ્યુટર સેન્ટર દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે. |
| તા. ૧૬/૦૬/૨૦૨૩ (ખાલી સીટોની માહિતી) | તા. ૧૬/૦૬/૨૦૨૩ને બોપરે ૧.૦૦ કલાકે યુનિવર્સિટી દ્વારા પ્રથમ રાઉન્ડ બાદ કોલજવાઇઝ ખાલી રહેલ સીટોની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે. |

ચાલુ...

**સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયાનો ઓપન રાઉન્ડ નીચે મુજબ રહેશે.**

| | |
|---|---|
| તા. ૧૯/૦૬/૨૦૨૩ થી | ૧. ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર તારીખ.૧૯/૦૬/૨૦૨૩ સવારે ૧૨.૦૦ કલાકથી ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>૨. જે વિદ્યાર્થીઓએ નવા ભરેલ પ્રવેશ ફોર્મની પ્રિન્ટ તથા તમામ અસલ દસ્તાવેજો સાથે યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ખાતે Eligibilityની ચકાસણી કરાવવાની રહેશે.<br>**૩. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.**<br>૪. વિદ્યાર્થીએ ઈન્સ્ટીટ્યુટ/કોલેજમાં ખાલી જગ્યાની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ ઉપરથી મેળવી હેલ્પ સેન્ટર દ્વારા ચકાસણી કરેલ પ્રવેશ ફોર્મ ઈન્સ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ માટે રજૂ કરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે.<br>૫. ઈન્સ્ટીટ્યુટ/કોલેજ દ્વારા ચકાસણી કરેલ વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનો રહેશે અને યુનિવર્સિટી માન્ય ફી ભરવાની રહેશે.<br>૬. જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની ઈન્સ્ટીટ્યુટ/કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ જે ઈન્સ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે ઈન્સ્ટીટ્યુટ/કોલેજની ખાલી જગ્યાની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ ઉપરથી મેળવી જૂના ઈન્સ્ટીટ્યુટ/કોલેજમાંથી પ્રવેશ રદ કરાવવા અને અન્ય ઈન્સ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ મેળવવા રૂમ નં. ૧૧૮, યુનિવર્સિટી હેલ્પ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે અરજી આપવાની રહેશે. |
| | પ્રવેશ અંગેની અંતિમ તારીખ જાણ તથા જરૂર મુજબ આગળની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવશે. |

નોંધઃ ૧. યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઇ કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. કોલેજોની બેઠકોની સંખ્યા પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

૩. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/ઈ-૧૦/.690
તારીખઃ 01/5/2023
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ રવાનાઃ

૧. ઉપરોકત અભ્યાસક્રમો ચલાવતી તમામ કોલેજો તરફ આગળની કાર્યવાહી સારૂ.

૨. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ ઉપરોકત તારીખો દરમ્યાનની કાર્યવાહી કરવા સારૂ.